
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૫ | ૪ સપ્ટેમ્બર, ૨૦૧૭, સોમવાર ; ભાદરવા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નિર્મલા સીતારામન નવા રક્ષામંત્રી

## નવ નવા મંત્રીઓ સામેલ : પિયુષ ગોયલ, નિર્મલા સિતારામન, મુખ્તાર અબ્બાસ નકવી, ધર્મેન્દ્ર પ્રધાનને બઢતી





નવીદિલ્હી,તા. ૩

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે કેન્દ્રિય કેબિનેટનુ આજે વિસ્તરણ કરવામાં આવ્યુ હતુ. સપ્તાહોથી ચાલી રહેલી બેઠકો અને વાતચીતના દોર બાદ આજે કેબિનેટનુ વિસ્તરણ કરવામાં આવ્યુ હતુ. સાથે સાથે કેટલાક પ્રધાનોના ખાતા બદલી દેવામાં આવ્યા હતા. કેટલાકને સારી કામગીરી બદલ ઈનામ આપીને તેમને કેબિનેટ રેન્કમાં પ્રમોશન અપાયુ હતુ. કુલ ૧૩ પ્રધાનોએ આજે શપથ લીધા હતા. મોદી કેબિનેટના ત્રીજા ફેરફારમાં નવ નવા પ્રધાનોને સામેલ કરવામાં આવ્યા હતા અને ચાર પ્રધાનોને બઢતિ આપવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામને ચોંકાવી દઈને કેટલાક પ્રધાનોના ખાતા પણ બદલી દેવામાં આવ્યા છે. સુરેશ પ્રભુની જગ્યાએ પીયુશ ગોયલને રેલવે પ્રધાન બનાવવામાં આવ્યા હતા. બીજી બાજુ નાણાં પ્રધાન અરૂણ જેટલી પાસે હજુ સુધી રહેલા વધારાના સંરક્ષણ મંત્રાલયનો હવાલો તેમની પાસેથી લઈને નિર્મલા સીતારામનને આપી દેવામાં આવતા તમામ લોકો ચોંકાવી ઉઠ્યા હતા. ઉમા ભારતીના જુના ખાતાને નીતિન ગડકરીને આપી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રધાન સ્મૃતિ ઈરાનીની પાસે કાપડ મંત્રાલયની જવાબદારી પણ રહેશે. વિજય ગોયલને સંસદીય બાબતોના

● અનુસંધાન પાન-૭ પર

### કેબિનેટમાં શું-શું ફેરફારો થયા...

**નવી જવાબદારી**

- નિર્મલા સીતારામન (નવા સંરક્ષણ પ્રધાન)
- સુરેશ પ્રભુ (નવા વાણિજ્ય પ્રધાન)
- પિયુષ ગોયેલ (નવા રેલવે પ્રધાન)
- હરદીપ પુરી (નવા આવાસ અને શહેરી વિકાસ)
- આરકે સિંહ (નવા વિજળી અને વૈકલ્પિક ઉર્જા)
- કેજે અલ્ફોન્સ (નવા પર્યાવરણ મંત્રાલય)
- શિવપ્રતાપ શુક્લ (નવા નાણાં રાજ્યમંત્રી)
- અનંત હેગડે (નવા સ્કીલ ડેવલપમેન્ટ રાજ્યમંત્રી)
- મુખ્તાર અબ્બાસ નકવી (નવા લઘુમતિ બાબતોને કેબિનેટમંત્રી)

**જે પ્રધાનોના ખાતા બદલાયા**

- કાલરાજ મિશ્રાનું મંત્રાલય ગિરીરાજ સિંહ પાસે
- ગિરીરાજને લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય
- રાજ્યવર્ધન રાઠોડને યુવા અને રમતગમત મંત્રાલય
- વિજય ગોયેલ સંસદીય બાબતોના રાજ્યમંત્રી
- નરેન્દ્ર તોમરને ગ્રામીણ વિકાસ અને ખાણ
- નરેન્દ્ર તોમરને પંચાયતી વિકાસમાં પણ પ્રધાન
- ઉમા ભારતી સાફ સફાઈ અને શુદ્ધ પીવા સાથે સંબંધિત મંત્રાલય
- સ્મૃતિ ઈરાની માહિતી અને પ્રસારણ મંત્રાલય પણ

## ન્યુઝ ટ્રેક

### ડિમોનેટાઈઝેશન નાણાંનું રિમોનેટાઈઝેશન છે

નીતિ આયોગના નવા ઉપાધ્યક્ષ તરીકે જાણીતા અર્થશાસ્ત્રી રાજીવકુમારની વરણી કરવામાં આવી છે. તેઓએ ચાર્જ સંભાળતા જ ડિમોનેટાઈઝેશનની તરફેણ કરી કહ્યું હતું કે તે નાણાંનું રી-મોનેટાઈઝેશન છે.

### વૃધ્ધ મા-બાપની સેવા નહીં કરો તો થશે જેલ

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું છે કે તેઓ ટૂંક સમયમાં એવો કાયદો બનાવી રહ્યા છે જેમાં વૃધ્ધ માતા-પિતાની સેવા ન કરનાર સંતાનને કડક સજાનું પ્રાવધાન છે.

### ભારતીય હોકી ટીમના કોચને હાંકી કઢાયા

હોકી ઈન્ડિયાએ કડક પગલાં લઈ ભારતીય હોકી ટીમના મુખ્ય કોચ રોલેન્ટ ઓલ્ટમંસને હાંકી કાઢયા છે. તેમની જગ્યા ડેવિડ જોન લેશે. હોકી ટીમના સતત ખરાબ પ્રદર્શનને કારણે આ નિર્ણય લેવાયો છે.

### ઉત્તર કોરિયાના મિસાઈલ પરિક્ષણથી જાપાન નારાજ

જાપાન અને અમેરિકાના વિરોધની અવગણના કરી ઉત્તર કોરિયાએ હાઈડ્રોજન બોમ્બનું સફળ પરિક્ષણ કર્યું હોવાનો દાવો કર્યો છે. જાપાનના પ્રધાનમંત્રીએ નારાજગી વ્યકત કરતાં જણાવ્યું છે કે હવે તેઓ વધુ સહન કરી શકે તેમ નથી.

# કેબિનેટ વિસ્તરણથી શિવસેના ખફા : જેડીયુ મૌન

## સરકારની છાપ પહેલાતી જ ખરાબ છે : ગુલામ નબી : શિવસેના દ્વારા શપથ ગ્રહણનો બહિષ્કાર : માત્ર ભાજપ ફેરફાર છે : એનડીએ સાથે કોઇ લેવા દેવા નથી : શિવસેના

નવીદિલ્હી,તા. ૩

નરેન્દ્ર મોદી મંડળના વિસ્તરણ બાદ એકબાજુ એનડીએના અનેક નેતાઓએ નવા અને પ્રમોટેડ મંત્રીઓને શુભેચ્છા પાઠવી છે ત્યારે બીજી બાજુ વિપક્ષ દ્વારા આની ટિકાટિપ્પણી કરવામાં આવી છે. કેબિનેટ વિસ્તરણથી શિવસેના લાલઘૂમ છે ત્યારે જેડીયુએ આ અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો છે. વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે કહ્યું છે કે, સરકારની છાપ પહેલાથી જ ખરાબ થઈ ચુકી છે. કેટલાક સુધારા કરવાના હેતુસર આમા સુધારો થશે નહીં. કાર્યક્રમમાં સામેલ ન થવાના મુદ્દે કેન્દ્રીયમંત્રી ઉમા ભારતીએ કહ્યું હતું કે, તેઓ કોઈ અન્ય કાર્યક્રમમાં જનાર હતા જેથી આવી શક્યા નથી પરંતુ નાખુશ નથી. કેન્દ્રીય કેબિનેટ વિસ્તરણમાં શિવસેના અને જેડીયુને સામેલ કરવામાં આવ્યા નથી. શિવસેનાના કોઈપણ નેતા શપથગ્રહણમાં સામેલ થયા નથી. સમારોહ બાદ શિવસેનાના નેતા સંજય રાવતે કહ્યું હતું કે, આ માત્ર ભાજપના ફેરફાર તરીકે છે. એનડીએ સાથે કોઈ લેવા દેવા નથી. તેમણે કહ્યું હતું કે, બહુમતિના કારણે આ અહંકાર હોઈ શકે છે પરંતુ અમે ધ્યાન આપી રહ્યા નથી. તેમની પાસે બહુમતિ છે જેથી પોતાની રીતે જ સરકાર ચલાવશે. જેડીયુના નેતા કેસી ત્યાગીએ કહ્યું હતું કે, આ ભાજપની અંદર ફેરફાર છે. એનડીએની અંદર ફેરફાર નથી જેથી અમે ટિપ્પણી કરવા ઈચ્છતા નથી. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કહ્યું છે કે, આશા છે કે નવી ટીમ પ્રદેશની પણ મદદ કરશે જે વિભાજન બાદથી અનેક પ્રકારની તકલીફોનો સામનો કરી રહી છે. શપથબાદ પ્રમોટ કરવામાં આવેલા નવા પ્રધાનોમાં ભારે ખુશી જોવા મળી હતી. મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધી ખુબ જ ભારે પડશે તેમ સરકારને કહ્યું હતું : રઘુરામ રાજન

## ફેબ્રુઆરી ૨૦૧૬માં મૌખિક સલાહ આપી હતી : મોડેથી આરબીઆઈએ જરૂરી પગલા અંગે માહિતી આપી હતી

નવીદિલ્હી,તા.૩

રિઝર્વ બેંકના પુર્વ ગવર્નર રઘુરામ રાજને આજે કહ્યું હતુ કે,



સરકારને નોટબંધીથી લાંબી અવધિના ફાયદાને લઈને નજીકના ભવિષ્યમાં નુકસાનને લઈને ચેતવણી આપવામાં આવી હતી. નોટબંધી કેટલી મોંઘી પડી શકે છે તે અંગે સરકારને જાણ કરવામાં આવી હતી. રાજને કહ્યું હતું કે, તેઓએ કાળા નાણાને સિસ્ટમમાં લાવવાના હેતુ પૂર્ણ કરવાના બીજા તરીકા પણ સુચવ્યા હતા. રાજને કહ્યું હતું કે, તેઓએ ફેબ્રુઆરી ૨૦૧૬માં મૌખિકરીતે પોતાની સલાહ આપી હતી. મોડેથી આરબીઆઈએ સરકારને એક નોટ સોંપી હતી જેમાં ઉઠાવવામાં આવેલા પગલા અને સમય મર્યાદા માટેની પુરી રુપરેખા રજૂ કરવામાં આવી હતી. રાજને આ તમામ બાબતો આગામી સપ્તાહમાં રજૂ થનાર પોતાના પુસ્તક આઈ ડુ વોટ આઈ ડુ ઓન રિફોર્મ એન્ડ રિસોલ્વ નામના પુસ્તકમાં કરી છે. પુસ્તકના વિષયમાં મને જે કરવાનું છે તે હુ કરુ છું રાખવામાં આવ્યું છે. આઈ ડુ વોટ આઈ ડુ નામના ટાઈટલ સાથે આ પુસ્તક લખાયું છે.

આરબીઆઈએ નોટબંધી પહેલા કેટલાક સૂચનો કર્યા હતા. અપુરતી તૈયારી પણ હતી. આરબીઆઈના ગવર્નરની અવધિપૂર્ણ થયા બાદ ફેકલ્ટી શિકાગો યુનિવર્સિટીના બૂથ સ્કૂલમાં ફરી જવાબદારી સંભાળી લીધી છે. એક અગ્રણી અંગ્રેજી અખાબર સાથેની વાતચીતમાં રાજને એમ પણ કહ્યું છે કે, આરબીઆઈનો સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ તેમની અવધિ દરમિયાન કયારે પણ નોટબંધીનો નિર્ણય લેવા કહેવામાં આવ્યું ન હતું.

# ગજેન્દ્રસિંહ લોકપ્રિયતામાં ઓબામાથી પણ આગળ

### શેખાવતના કોરા બ્લોગ ઉપર ૫૫૬૦૦ ફોલોઅર્સ



નવીદિલ્હી,તા. ૩

મોદી સરકારના આજે કરવામાં આવેલા પ્રધાનમંડળ વિસ્તરણમાં રાજસ્થાન જોધપુરમાંથી લોકસભા સભ્ય ગજેન્દ્રસિંહ શેખાવતને રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત શેખાવત સંસદના નાણાંકીય મામલાઓની સ્થાયી સમિતિના સભ્ય અને ફેલોશીપ સમિતિના સભ્ય તરીકે રહ્યા છે. ભાજપ ખેડૂત મોરચાના રાષ્ટ્રીય મહાસચિવ શેખાવત ખેડૂતોના રોલમોડલ તરીકે રહ્યા છે. તેઓ ટેકનિકલરીતે ખુબ જ નિષ્ણાત છે. સાદગીપૂર્ણ જીવન જીવવા માટે જાણિતા શેખાવતને કોરા બ્લોગ ઉપર ૫૫૬૦૦ ફોલોઅર્સ માટે પણ ઓળખવામાં આવે છે. આ બ્લોગ ઉપર તેમની લોકપ્રિયતાનો અંદાજ આ બાબતથી મેળવી શકાય છે કે, અમેરિકાના પૂર્વ પ્રમુખ બરાક ઓબામા કરતા પણ તેઓ આ મામલામાં આગળ રહ્યા છે. કોરા પ્રશ્નોત્તરી સાથે જોડાયેલી એક બ્લોગિંગ વેબસાઈટ છે. શેખાવતને રમતમાં ખુબ જ રસ છે. બાસ્કેટ બોલમાં રાષ્ટ્રીય અને અખિલ ભારતીય સ્તર ઉપર ભાગ લીધો હતો. હાલમાં તેઓ અખિલ ભારતીય રમત ગમત પરિષદના સભ્ય તરીકે છે. સાથે સાથે બાસ્કેટ બોલ ઈન્ડિયા પ્લેયર્સ એસોસિએશનના સભ્ય અને અધ્યક્ષ તરીકે રહ્યા છે. ત્રીજી ઓક્ટોબર ૧૯૬૭ના દિવસે જન્મેલા ભાજપ નેતાએ જોધપુરના જયનારાયણ વ્યાસ યુનિવર્સિટીમાંથી એમફિલ અને એમએની ડિગ્રી

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦૦ રૂપિયાની નોટ એટીએમમાં ત્રણ મહિના બાદ ઉપલબ્ધ બનશે

## મશીનોના રિકેલિબ્રેશન માટે નવી નોટ ટેસ્ટિંગ શરૂ કરવા એટીએમ કંપનીઓને કેટલીક બેંકો દ્વારા સૂચના અપાઈ છે

મુંબઈ,તા.૩

આરબીઆઈ દ્વારા એક સપ્તાહ અગાઉ ૨૦૦ રૂપિયાની નવી નોટ બજારમાં રજૂ કરી દેવામાં આવી છે. લોકોમાં રૂપિયા ૨૦૦ની નવી નોટને લઈને ઉત્સુકતા પ્રવર્તી રહી છે પરંતુ આ સંદર્ભમાં જાણકાર લોકોએ કહ્યું છે કે, રૂપિયા ૨૦૦ની નવી નોટને એટીએમમાં ગોઠવવામાં હજુ ત્રણ મહિનાનો સમય લાગી શકે છે. આનો મતલબ એ થયો કે, રૂપિયા ૨૦૦ની નવી નોટ એટીએમમાં હાલ ઉપલબ્ધ બનશે નહીં. નોટબંધીનો નિર્ણય કરવામાં આવ્યા બાદ રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૨૦૦૦ની નવી નોટ બજારમાં રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ આ બે નોટ વચ્ચે વધુ એક નોટને રજૂ કરવાની હિલચાલ ચાલી રહીહતી. જેને ધ્યાનમાં લઈને ગયા સપ્તાહમાં જ આરબીઆઈ દ્વારા ૨૦૦ રૂપિયાની નવી નોટ રજૂ કરવામાં આવી હતી. નવેમ્બર મહિનામાં હાઈવેલ્યુની નોટને બંધ કરવામાં આવ્યા બાદ એટીએમ મશીનને ખરીરીતે રિકેલિબ્રેશન કરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા ખુબ લાંબી ચાલી હતી.

કેટલીક બેંકોએ મશીનોના રિકેલિબ્રેશન માટે નવી નોટ ટેસ્ટ શરૂઆત કરવા એટીએમ કંપનીઓને કહ્યું હતું. અલબત્ત તેમને નવી નોટના સપ્લાય હજુ સુધી મળી રહ્યા નથી. ગયા વર્ષે જ બેંકો એટીએમ મશીનના રિકેલિબ્રેશનમાં વ્યસ્ત રહ્યા હતા. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નિવેદન જારી કરીને કહ્યું છે કે, નવી ૨૦૦ની નોટ ટૂંકમાં જ ઝડપથી ઉપલબ્ધ થશે.

# શેરબજારમાં કારોબારને બે કલાક સુધી વધારવા તૈયારી

## બીએસઈ અને એનએસઈ દ્વારા બ્રોકર્સ સાથે ચર્ચા

મુંબઈ,તા. ૩

મોદી સરકાર નવી વિચાર શક્તિ અને અન્ય પરિબળોને ધ્યાનમાં લઈને હાલ આગળ વધી રહી છે. આ ક્રમમાં સરકારે હવે શેર માર્કેટની ટ્રેડિંગ ટાઈમિંગ એટલે કે કારોબારના સમયને વધારવા ઉપર વિચારણા કરવાની શરૂઆત કરી દીધી છે. આ સંબંધમાં બીએસઈ અને એનએસઈ પોતાના સભ્યો અને બ્રોકરો સાથે વાતચીતમાં વ્યસ્ત છે. જો આ સંદર્ભમાં સહમતિ થઈ જશે તો શેર માર્કેટમાં કારોબારનો સમય બે કલાક સુધી વધી જશે. એટલે કે શેર કારોબારનો સમય સવારે ૯.૧૫ વાગ્યાથી શરૂ થઈને સાંજે ૫.૩૦ પૂર્ણ થશે. વર્તમાન સમયમાં શેર માર્કેટમાં કારોબારનો સમય ૯.૧૫થી લઈને ૩.૩૦ વાગ્યા સુધીનો છે. નાણામંત્રાલયના સુત્રોના કહેવા મુજબ હજુ આ સંદર્ભમાં પ્રસ્તાવ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. આના મુખ્ય બે પાયદા થશે. પ્રથમ વિદેશી શેર માર્કેટના કારોબારની સાથે તાલમેલ બેસાડવામાં ભારતીય શેર માર્કેટને ખુબ સરળતા પડશે. બીજી કંપનીના નાણાંકીય પરિણામની અસર એજ દિવસે જોવા મળશે. અનેક કંપનીઓ

● અનુસંધાન પાન-૭ પર

# હોટલ-રેસ્ટોરન્ટોથી સર્વિસ ચાર્જ દુર કરવા હિલચાલ

નવી દિલ્હી,તા. ૩

હોટલ અને રેસ્ટોરન્ટથી સર્વિસ ચાર્જ ખતમ કરવા માટે સરકાર ટૂંક સમયમાં જ આદેશ જારી કરી શકે છે. સર્વિસ ટેક્સ ખતમ કરવા સાતે સંબંધિત પ્રસ્તાવ તૈયાર કરવામાં આવી રહ્યો છે. સર્વિસ ચાર્જને લઈને સરકાર દ્વારા કહેવામાં આવ્યું છે કે, હોટલ અને રેસ્ટોરન્ટ જેવી જગ્યા પર ગ્રાહકોને પુછ્યા વગર સર્વિસ ચાર્જ વસુલ કરવામાં આવશે નહીં. સરકારે પોતાના જુના આદેશમાં કહ્યું હતું કે, આ ગ્રાહક ઉપર આધારિત રહેશે કે તે સર્વિસ ચાર્જ ચુકવશે કે પછી ઈન્કાર કરશે. સરકારની માર્ગદર્શિકા છતાં આશરે ૩૦થી ૪૦ ટકા હોટલ અને રેસ્ટોરન્ટ ગ્રાહકો પાસેથી બળજબરીથી સર્વિસ ચાર્જ વસુલ કરવામાં આવે છે. પાંચથી

● અનુસંધાન પાન-૭ પર

TARAL SIR'S
SPOKEN ENGLISH
@ Gandhinagar, Vadaj, Ranip, & Maninagar
955 80 20 800
PTE - IELTS

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

PUJAN DANCE ACADEMY AND KWK
PRESENTS
KUCHH TIKHA KUCHH MITHA HO JAYE
• Cooking Competition (12 to 1.00)
• Cooking Show (1.00 to 3.30)
Desserts n Authentic lucknowi cuisine with chef
Shivam & Kaninika

Dance, Housi, Stall exihibition n lot more surprises....
Date : 9th September
Venue : Ambedkar Hall, Sector-12, Gandhinagar
For more details contact.
Pragna Gajjar - 99042 51651
Kaninika - 98799 77286
Swati Barot - 70438 51076